| કુલ ગુણ | 100 |
|---|---|

# ખાતાકીય પરીક્ષા (વર્ગ-૩)- 2024

## PAPER - 1

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**ADEI PAPER-1**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

**પરીક્ષાની તારીખ : ૨૧/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦**

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | **પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ** |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૮૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) ગુજરાત મુલ્કીસેવાઓ, વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 કઈ સેવાઓના સંવર્ગને લાગુ પડતા નથી ?

(A) સચિવાલય સેવાઓ
(B) પોલિસ ખાતાના તાબાના સંવર્ગ
(C) આરોગ્ય ખાતાના તાબાના સંવર્ગ
(D) સામાન્ય વહીવટ વિભાગના નિમ્નસ્તર સંવર્ગને

(2) રાજ્ય સેવાઓમાં ભર્તી માટે છુટછાટ આવ્યા બાદ મહત્ત્મ વયમર્યાદા શું નિર્ધારીત કરવામાં આવેલ છે ?

(A) 45
(B) 40
(C) 38
(D) 42

(3) નિમણૂંક અધિકારીને કોઈ કિસ્સામાં યોગ્ય લાગે તો અજમાયશી સમય વર્ગ-I અને II માટે કેટલા સમય સુધી વધારી શકે છે ?

(A) 3 વર્ષ
(B) 6 મહિના
(C) 2 વર્ષ
(D) 1 વર્ષ

(4) ગુજરાત મુલ્કી સેવાઓ વર્ગીકરણ અને ભર્તી (સામાન્ય) નિયમો 1967થી Repeal ના નિયમથી "બોમ્બે સિવિલ સર્વિસીજ વર્ગીકરણ અને ભરતી નિયમો....." કયા વર્ષના કાયદાને રદબાતલ કરવામાં આવેલ છે ?

(A) 1939
(B) 1940
(C) 1947
(D) 1961

(5) ભારતના બંધારણની કઈ કલમ હેઠળ નિયુક્તિ માટે નિયમો બનાવી નિયુક્તિ કર્યાથી ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શનની જરૂરીયાત રહેતી નથી ?

(A) 316
(B) 320
(C) 309
(D) 311

(6) ફરજમોકૂફીના કિસ્સામાં એકજ સમય કેટલા દિવસથી વધારે મુદત લંબાવી શકાશે નહીં ?

(A) 120 દિવસો
(B) 90 દિવસો
(C) 180 દિવસો
(D) 150 દિવસો

(7) સરકારી કર્મચારીએ તહોમતના મુદ્દા અને ગેરવર્તણૂકના આક્ષેપોનું પત્રક મળ્યાબાદ વધુમાં વધુ કેટલા દિવસોની અંદર તપાસ અધિકારી સમક્ષ જાતે હાજર થવું પડે છે ?

(A) 21 દિવસ
(B) 30 દિવસ
(C) 10 દિવસ
(D) 15 દિવસ

(8) શિસ્તભંગના કેસોમાં હુકમોની પુનવિચારણા કરવા માટે હુકમ થયાથી કેટલા દિવસોમાં કાર્યવાહી કરવાની રહે છે ?

(A) 180 દિવસ
(B) 120 દિવસ
(C) 90 દિવસ
(D) 45 દિવસ

(9) ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક નિયમો 1971 ના કયા નિયમ હેઠળ પોતાના અધિકારીની સૂચના લેખિતમાં મેળવવા જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 3 (3)
(B) 3 (1) (1)
(C) 3 (2)
(D) 3 (ક)

(10) સરકારી કર્મચારીઓ કયા ઉદ્દેશો હેઠળ મંડળના સભ્ય બની શકશે નહીં ?

(A) પોતાની વગવધારવા માટે | (B) આર્થિકલાભ માટે
(C) સ્વાર્થપૂર્ણ કામગીરી માટે | (D) હાનિકર્તા કામગીરી માટે

(11) ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક નિયમો - 1972 ના કયા નિયમથી કોઈ પ્રકાશન કોઈ પ્રકાશક દ્વારા કરાયું હોય અને તે સમ્પૂર્ણ સાહિત્યિક, કલાવિષયક અથવા વૈજ્ઞાનિક પ્રકારનું હોય ત્યારે મંજુરી લેવાની રહેતી નથી ?

(A) 6 | (B) 7
(C) 8 | (D) 9

(12) રોકાણ ઉછીનું આપવું અને ઉછીનું લેવું, આ માટે કયા સત્તાધિશ વિવેકબુદ્ધિ અનુસાર અપવાદરૂપ કેસમાં છુટછાટ મુકી શકે છે ?

(A) ખાતાના વડા | (B) સામાન્ય વહીવટ વિભાગના વડા
(C) નાણાવિભાગના વડા | (D) કચેરીના વડા

(13) નાદારી અને હંમેશનું દેવું ના કિસ્સામાં કેટલી મુદતમાં, સામાન્ય સંજોગોમાં ભરપાઈ થઈ ન શકે તેટલી રકમ માટે ટાંચ મુકાઈ હોઈ ત્યારે કર્મચારીને નોકરીમાંથી દૂર થવા પાત્ર ગણી શકાય ?

(A) બે વર્ષ | (B) ત્રણ વર્ષ
(C) એક વર્ષ | (D) અઢી વર્ષ

(14) સરકારી કર્મચારીએ તેની સામે થયેલી દીવાની કાર્યવાહી અંગે સરકારને જાણ કરવાની હોય છે, આ અંગે તેના માસિક મળતરના કેટલા ગણી રકમની વસુલાત સબબ ઉલ્લેખ કરવામાં આવેલ છે ?

(A) 5 ગણી | (B) 8 ગણી
(C) 10 ગણી | (D) 2 ગણી

(15) ગુજરાત મુલ્કી સેવાઓ નિયમો - 2002 માં નિયમોના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે કયા વિભાગને પ્રશ્ન સંર્દભિત કરવું જોઈએ ?

(A) વૈધાનિક વિભાગ | (B) નાણાં વિભાગ
(C) સામાન્ય વહીવટ વિભાગ | (D) મુખ્ય સચિવ

(16) સરકારી કર્મચારી / અધિકારી જેઓની નોકરી છ મહિનાથી વધારે હોય તેઓને કેટલા સમયમાં મેડિકલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે ?

(A) બાર મહિના | (B) ત્રણ મહિના
(C) છ મહિના | (D) બે મહિના

(17) સરકારી કર્મચારીઓ / અધિકારીઓના કિસ્સામાં સર્વિસ બુકમાં થયેલ નોંધો કર્મચારીને બતાવી ચકાસણી કરાવી અને સહી મેળવી કયા મહિનાના અંત સુધી રજૂ કરવાની રહે છે ?

(A) એપ્રિલ | (B) માર્ચ
(C) સપ્ટેમ્બર | (D) જાન્યુઆરી

(18) ખાતાના વડા જાહેર કરવાની સત્તા કયા સત્તાધીશને એનાયત કરવામાં આવેલ છે ?

(A) વૈધાનિક વિભાગ | (B) નાણાં વિભાગ
(C) સામાન્ય વહીવટ વિભાગ | (D) વહીવટી વિભાગ

(19) સરકારી કર્મચારી જેની ટ્રાન્સફર થઈ ગયેલ હોય અને જુના મથકે સરકારી ક્વાર્ટરનો કબ્જો ધરાવતો હોય તો તેઓને કેટલા સમય માટે HRA મળવા પાત્ર છે ?

(A) 8 મહિના (B) 12 મહિના

(C) 6 મહિના (D) 3 મહિના

(20) સરકારી કર્મચારીને માનદ્‌વેતન મંજૂર કરવાની સત્તા કયા સત્તાધિશને એનાયત કરવામાં આવેલ છે ?

(A) સામાન્ય વહીવટ વિભાગ (B) નાણાં વિભાગ

(C) ખાતાના વડા (D) કચેરીના વડા

(21) હેડક્વાર્ટર સિવાય અન્ય સ્થળ ઉપર રહેવા માટેની પરવાનગી અને HRA મંજૂર કરવાની સત્તાઓ રાજપત્રિત અધિકારીઓના કિસ્સામાં કોને એનાયત કરવામાં આવેલ છે ?

(A) વહીવટી વિભાગ (B) ખાતાના વડા

(C) કચેરીના વડા (D) નાણાં વિભાગ

(22) પેંશનર દ્વારા સરકારી કાર્ય અર્થે પ્રવાસ કરવો હોય ત્યારે કયો પગાર લક્ષ્યમાં લઈ પ્રવાસ ભથ્થું ચૂકવવામાં આવે છે ?

(A) કોમ્યુટેડ રકમ બાદ કરી પેંશનની રકમ (B) મળવાપાત્ર પગાર અને પેંશનની રકમ

(C) પેંશન નિર્ધારીત થયેલ તે રકમ (D) ડ્યુટી પર છેલ્લે મેળવેલ પગાર

(23) કાયમી પ્રવાસ ભથ્થું કઈ સ્થિતીમાં સામાન્ય પ્રવાસ ભથ્થાની જેમ મળવાપાત્ર છે ?

(A) ફરજ દરમિયાન કાર્યક્ષેત્ર બહાર પ્રવાસ કર્યો હોય ત્યારે

(B) ફરજ દરમિયાન રોકાણ સાથે કાર્યક્ષેત્ર બહાર પ્રવાસ કર્યો હોય ત્યારે

(C) કાયમી પ્રવાસ ભથ્થાના ક્ષેત્ર સિવાય માત્ર રોકાણ કર્યા હોય ત્યારે

(D) વ્યક્તિગત વાહનમાં મુસાફરી કરી હોય ત્યારે

(24) કાયમી પ્રવાસ ભથ્થું કયા પ્રકારના બિલમાં બનાવવામાં આવે છે ?

(A) કન્ટીજન્સી બિલ (B) ટી.એ. બિલ

(C) અન્ય બિલ (D) પગાર બીલ

(25) વાહન ભથ્થું જે કર્મચારીને મળવાપાત્ર છે તેને કયા પ્રકારનું ભથ્થું મળવાપાત્ર નથી ?

(A) કાયમી ભથ્થું (B) પ્રવાસ ભથ્થું

(C) દૈનિક ભથ્થું (D) માઈલેજ ભથ્થું

(26) સરકારી કર્મચારી દ્વારા જે રૂટથી પ્રવાસ કર્યો હોય તે ટૂંકો ન હોય પણ સસ્તુ હોય તે સબબ માઈલેજ ભથ્થું કઈ રીતે મળવાપાત્ર થાય છે તેની જોગવાઈ કયા નિયમમાં કરવામાં આવેલ છે ?

(A) 42 (B) 43

(C) 45 (D) 46

(27) નિવૃત્ત થનાર સરકારી કર્મચારીને ઉચ્ચક પ્રવાસભથ્થું ક્યારે ચૂકવવાનું હોય છે ?

(A) નિવૃત્ત થયા બાદ છ મહિનામાં (B) નોકરીના છેલ્લા દિવસે

(C) નિવૃત્ત થયા બાદ ત્રણ મહિનામાં (D) નિવૃત્ત થયા બાદ એક મહિનામાં

(28) જે સરકારી કર્મચારીઓ / અધિકારીઓ દ્વારા સરકારી રહેણાંક મેળવેલ હોય અને તેઓને પ્રતિનિયુક્તિ ઉપર મુક્યા હોય ત્યારે આકિસ્સામાં કયા પ્રકારનું ભાડું વસુલવામાં આવશે ?

(A) ઇકોનોમીક દરે (B) માર્કેટ દરે

(C) સામાન્ય દરે (D) જે તે સમય સક્ષમ સત્તાધિશ નિર્ધારીત કરે તે દરે

(29) જોડાણ સમયની ગણતરીમાં રવિવારની રજાનું સમાવેશ ક્યારે કરવામાં આવે છે ?

(A) 1 દિવસ (B) 15 દિવસ

(C) 7 દિવસ (D) 30 દિવસ

(30) ફરજ મોકુફીના સમયગાળા દરમિયાન ડ્યુટીમાંથી ગેરહાજર રહ્યાના સમયની કેટલા દિવસોની અસાધારણ રજા મંજુર કરવા માટે ઉચ્ચસ્તરના સત્તાધિશની મંજુરી લેવાની જરૂરિયાત નથી ?

(A) 90 દિવસો (B) 200 દિવસો

(C) 180 દિવસો (D) 45 દિવસો

(31) સ્ટડીલીવની મંજુરી કયા નિયમની જોગવાઈ આધિન મળવાપાત્ર નથી ?

(A) 76 (B) 77

(C) 75 (D) 78

(32) સક્ષમ સત્તાધિશ દ્વારા કયા નિયમમાં આપેલ સત્તા હસ્તક કોઈની નિમણૂંક ફીક્સ પગારથી કરી શકે છે ?

(A) 09 (B) 11

(C) 10 (D) 11 (2)

(33) સરકારી કર્મચારીની સ્વવિનંતીથી નવી જગા ઉપર નિમણૂક કયા નિયમની જોગવાઈ આધિન કરવામાં આવે છે ?

(A) 27 (1) (B) 17

(C) 21 (D) 16 (1)

(34) વધારાના ચાર્જ માટે ચાર્જ કેટલા દિવસો સુધી રાખવાથી ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર બને છે ?

(A) 60 દિવસ (B) 10 દિવસ

(C) 15 દિવસ (D) 30 દિવસ

(35) રજાનો પ્રકાર નિર્ધારીત કરવાનું હકનિયમમાં કોને એનાયત કરવામાં આવેલ છે ?

(A) નોકરીદાતા (B) કર્મચારી

(C) કચેરીના વડા (D) ખાતાના વડા

(36) સરકારી કર્મચારીની નૌકરી 1 વર્ષ માટે સલગ્ન હોય અને તેને અન્ય સરકારી એકમમાં નોકરી મળે તો કેટલા દિવસથી વધારે તુટ ન હોય તો પૂર્વ કરેલ સેવાઓની તમામ પ્રકારની રજાઓ નવી સેવાઓ ખાતે જમા રહે છે ?

(A) 7 દિવસ (B) 6 દિવસ

(C) 12 દિવસ (D) 30 દિવસ

(37) દાક્તરી પ્રમાણપત્ર રજૂ કરયેથી રજા ઉપર જવા માટે પરવાનગી મળી ગઈ હોય તેવું હક્ક પ્રાપ્ત થતું નથી, આ જોગવાઈ કયા નિયમમાં કરવામાં આવેલ છે ?

(A) 35 (B) 37

(C) 39 (D) 38

(38) દાક્તરી પ્રમાણપત્રના આધારે જ્યારે રજાઓ મંજુર કરવામાં આવે છે ત્યારે રજાઓ ઉપરથી પાછા આવ્યે ત્યારે દાક્તરી પ્રમાણપત્ર કયા ફોર્મમાં રજુ કરવું જોઈએ ?

(A) 2 (B) 3

(C) 4 (D) 5

(39) રજાપૂર્ણ થયાબાદ જો કર્મચારી ફરજ ઉપર હાજર ન થાય અને જાણી બુઝીને ગેરહાજર રહે તો સક્ષમ સત્તાધિશ કયા પ્રકારની કાર્યવાહી કરી શકે છે ?

(A) શિસ્તભંગ સબબ કાર્યવાહી (B) બિનઅધિકૃત ગેરહાજરી ગણાવી

(C) વગર પગારે રજા ગણવી (D) હાફ ડે રજા મંજુર કરવી

(40) કેલેન્ડર વર્ષમાં કેટલી વખત પ્રાપ્ત રજાઓ મંજુર કરી શકાય છે ?

(A) પાંચ (B) બે

(C) ત્રણ (D) ચાર

(41) દાક્તરી પ્રમાણપત્ર રજુ કર્યા સિવાય માન્ય અભ્યાસક્રમ માટે કેટલા દિવસોની કોમ્યુટેડ રજા મળવાપાત્ર થાય છે ?

(A) 45 (B) 60

(C) 120 (D) 90

(42) બિનજમા રજા એક સાથે કેટલી મંજુર કરી શકાય છે ?

(A) 360 (B) 60

(C) 90 (D) 180

(43) સામાન્ય સંજોગમાં અસાધારણ રજા કેટલા દિવસો માટે મંજુર કરી શકાય છે ?

(A) 6 માસ (B) 9 માસ

(C) 15 માસ (D) 12 માસ

(44) રજાના રોકડમાં રૂપાન્તર અર્થે કયાનિયમમાં જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 64 (2) (B) 64 (3)

(C) 64 (1) (D) 64 (5)

(45) કોઈ પણ સંજોગોમાં કયા પ્રકારની રજા માટે "ના" પાડી શકાય નહીં ?

(A) હાફ પે રજાઓ (B) અસાધારણ રજા

(C) પૈતૃક રજાઓ (D) મેડિકલ ટર્મિનેશન ઑફ પ્રેગ્નેન્સી

(46) મેટરનીટી રજા સાથે કોઈ પણ પ્રકારની રજા દાક્તરી પ્રમાણપત્ર વિના કેટલા દિવસો માટે મળવા પાત્ર છે ?

(A) 90 (B) 45

(C) 60 (D) 30

(47) હોસ્પિટલ રજાઓ સાથે અન્યપ્રકારની રજા જોડી શકાય છે. આ તમામ પ્રકારની રજા જોડવાથી કુલ કેટલા મહિનાઓની રજાઓ મળવાપાત્ર થાય છે ?

(A) 12 મહિનાઓ (B) 28 મહિનાઓ

(C) 18 મહિનાઓ (D) 24 મહિનાઓ

(48) ગંભીર અપરાધનો ઉલ્લેખ કયા વર્ષના એક્ટમાં કરવામાં આવેલ છે ?

(A) 1961 (B) 1947

(C) 1923 (D) 1992

(49) કોઈ ઘટના ન બની, તે સબબનો ફોર્મ-22 કર્મચારીને ક્યારે આપવું જોઈએ ?

(A) નિવૃત્તીના 15 દિવસમાં (B) નિવૃત્તી પછી છ મહિનામાં

(C) નિવૃત્તીના છેલ્લા દિવસે (D) નિવૃત્તીના પછીના માસમાં

(50) પેંશન પાત્રતા માટે કેટલા વર્ષની ક્વાલીફાઈગ સેવાઓની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 33 વર્ષ (B) 25 વર્ષ

(C) 20 વર્ષ (D) 10 વર્ષ

(51) નોમિનેશન ફોર્મ નાણાંવિભાગ દ્વારા કયા વર્ષમાં બહાર પાડવામાં આવેલ છે ?

(A) 2002 (B) 2005

(C) 2000 (D) 2008

(52) પેંશન મંજુર કરનાર અધિકારી દ્વારા પેંશન પેટે વધારાના ચૂકવેલ નાણાં સબબ નોટિસ આપી કેટલા સમયમાં નાણાં પરત કરાવા જણાવવામાં આવે છે ?

(A) બે માસ (B) ત્રણ માસ

(C) એક માસ (D) 15 દિવસ

(53) રાજ્યેતર સેવા એટલે.....

(A) જે કર્મચારીનો પગાર કેન્દ્ર સરકારના એકત્રિત ભંઢોળમાંથી પડતો હોય તેવી સેવા

(B) જે કર્મચારીનો પગાર રાજ્ય સરકારના એકત્રિત ભંડોળમાંથી પડતો હોય તેવી સેવા

(C) જે કર્મચારીનો પગાર કેન્દ્ર કે રાજ્ય સરકારના એકત્રિત ભંડોળ સિવાયના અન્ય ભંડોળમાંથી પડતો હોય તેવી સેવા

(D) ઉપરનામાંથી એક પણ નહીં

(54) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-2002 અનુસાર કઈ રકમ પગાર તરીકે નથી ગણાતી ?

(A) ખાસ પગાર (B) અંગત પગાર

(C) માનદ વેતન (D) સ્થગિત ઈજાફા

(55) કર્મચારી કેટલા વર્ષની પેન્શનપાત્ર સેવા પૂરી કરે તો અશક્તતા પેન્શન મંજુર થાય ?

(A) 10 વર્ષ (B) 20 વર્ષ

(C) 30 વર્ષ (D) 33 વર્ષ

(56) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-1971 અનુસાર શિસ્ત અધિકારી એટલે.....

(A) નિમણૂંક અધિકારી

(B) તપાસ અધિકારી

(C) અપીલ અધિકારી

(D) નિયમ-6 માં દર્શાવેલ કોઈ પણ શિક્ષા કરવાની સત્તા ધરાવતા અધિકારી

(57) સરકારી કર્મચારીને ફોજદારી ગુના બદલ કેટલા કલાક અટકાયત કરવામાં આવ્યો હોય ત્યારે તેને ફરજમોકુફી હેઠળ મૂકી શકાય ?

(A) 6 કલાક
(B) 24 કલાક
(C) 12 કલાક
(D) 48 કલાક

(58) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-1974 અનુસાર ફરજ મોકુફીની લંબાવેલી મુદત એક જ સમયે કેટલા દિવસની ન હોવી જોઈએ ?

(A) 30 દિવસ
(B) 45 દિવસ
(C) 60 દિવસ
(D) 90 દિવસ

(59) સરકારી કર્મચારીને સરકારી નોકરીમાંથી પદચ્યુત કરવામાં આવે અથવા તેની ગેરવર્તણુંક કે નાદારીને કારણે નિવૃત્ત કરવામાં આવે ત્યારે તેને કયું પેન્શન મંજુર કરવામાં આવે છે ?

(A) રહેમિયત પેન્શન
(B) વળતર પેન્શન
(C) કુટુંબ પેન્શન
(D) નિવૃત્તિ પેન્શન

(60) ગુજરાત મુલ્કી સેવા (નોકીરની સામાન્ય શરતો) નિયમો-2002 અનુસાર તબીબી તપાસમાં નોકરી માટે અયોગ્ય જાહેર કરવામાં આવેલ હોય તેવા કર્મચારી કેટલા સમયમાં અપીલ કરવી જોઈએ ?

(A) બે માસ
(B) એક માસ
(C) ત્રણ માસ
(D) છ માસ

(61) કોઈ કર્મચારીને પોતાની ફરજો ઉપરાંત તેની તાબાની જગ્યાનો વધારાનો હવાલો સંભાળવા માટે કટેલો ખાસ પગાર મળવાપાત્ર છે ?

(A) સંભાવી પગારના 15 %
(B) સંભાવી પગારના 5 %
(C) ખાસ પગાર મળવાપાત્ર નથી
(D) ઉપરોક્તમાંથી એક પણ નહીં

(62) વર્ગ-3 અને વર્ગ-4 ના તમામ સરકારી કર્મચારીઓની પેન્શ મંજુર કરવાની સત્તા કોની છે ?

(A) નિમણૂક અધિકારી
(B) ખાતાના વડા
(C) કચેરીના વડા
(D) ઉપરમાંથી કોઈ નહીં

(63) પેન્શનપાત્ર સેવાની ગણતરી કરવા માટે નોકરીમાં કેટલા સમયની તૂટ પેન્શનપાત્ર સેવા તરીકે ગણવામાં આવશે ?

(A) ત્રણ માસ
(B) પાંચ માસ
(C) એક વર્ષ
(D) છત્રીસ માસ

(64) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો - 1971 અનુસાર જાતીય સતામણીની ફરિયાદની તપાસ કોણ કરી શકશે ?

(A) પોલીસ અધિકારી
(B) તકેદારી અધિકારી
(C) ખાતાના વડા
(D) જાતીય સતામણીની ફરિયાદની તપાસ માટે દરેક વિભાગ/કચેરીમાં રચવામાં આવેલ ફરિયાદ સમિતિ

(65) વીસ વર્ષની પેન્શનપાત્ર સેવાના અંતે કર્મચારી તેની નિવૃત્તિના કેટલા માસ અગાઉ લેખિત નોટીસ આપીને નોકરીમાંથી નિવૃત્ત થઈ શકે ?

(A) ત્રણ માસ
(B) પાંચ માસ
(C) દસ માસ
(D) બાર માસ

(66) ફરજમોકુફી ઉપરના હુકમની સમીક્ષા પછી સક્ષમ સત્તાધિકારી ફરજ મોકુફીને કેટલી મુદત માટે લંબાવી શકે ?

(A) 60 દિવસ
(B) 90 દિવસ
(C) 120 દિવસ
(D) 180 દિવસ

(67) ખાસ સંજોગોમાં સરકારી કર્મચારીને તેની સમગ્ર નોકરી દરમિયાન એકંદરે કેટલા માસની અસાધારણ રજા મંજુર કરી શકાશે.

(A) ત્રીસ માસ
(B) વીસ માસ
(C) છત્રીસ માસ
(D) પચીસ માસ

(68) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો-2002 અનુસાર સેવાપોથીમાં ચારિત્ર્ય અંગેની નોંધ કેવી રીતે થાય છે ?

(A) કચેરીના વડા ચારિત્ર્ય અંગેની નોંધ કરે છે.
(B) ચારિત્ર્ય અંગેની નોંધ કરવામાં આવતી નથી.
(C) કર્મચારી વિનંતી કરે તો કચેરીના વડા સ્વવિવેકે ચારિત્ર્ય અંગેની નોંધ કરે છે.
(D) માત્ર કર્મચારીની પ્રામાણિકતા અંગેની નોંધ કરી શકાય.

(69) ગુજરાત રાજ્ય સેવા (વર્તણુક) નિયમો-1971 અનુસાર દરેક સરકારી કર્મચારી પાસેથી નીચેના પૈકી કઈ અપેક્ષા હંમેશા રાખવાની જોગવાઈ કરેલ છે ?

(A) સંપૂર્ણ પ્રમાણિક રહેવાની
(B) ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવવાની
(C) સરકારી કર્મચારીને છાજે નહીં એવું કશું નહીં કરવાની
(D) ઉપરોક્ત તમામ

(70) કઈ સેવાને રાજ્ય સેવા તરીકે ઓળખવામાં આવે છે ?

(A) વર્ગ - 4
(B) વર્ગ - 1, 2
(C) વર્ગ - 3
(D) ઉપરની તમામ

(71) ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો-2002 અનુસાર પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય અને પતિના નામે પોતાનું માલિકીનું મકાન હોય તે મકાનમાં બંને સાથે રહેતા હોય તો ઘરભાડા ભથ્થું કોને મળે ?

(A) બંનેને મળે
(B) ફક્ત પતિને મળે
(C) ફક્ત પત્નીને મળે
(D) બે માંથી કોઈને ન મળે

(72) ગુજરાત રાજ્ય સેવા (વર્ગીકરણ અને ભરતી નિયમો) નિયમો-1967 માં કયા નિયમ હેઠળ બઢતી માટેના નિયમો દર્શાવેલ છે ?

(A) નિયમ - 10
(B) નિયમ - 11
(C) નિયમ - 12
(D) ઉપરોક્ત બધા

(73) ગુજરાત રાજ્ય સેવા (વર્તણુક) નિયમો-1971 ના કયા નિયમ હેઠળ સરકારી કર્મચારી રજુ કરવાનું સ્થાવર મિલકત પત્રક નિયત કરવામાં આવ્યું છે ?

(A) નિયમ - 18 (ક)
(B) નિયમ - 19 (1)
(C) નિયમ - 19 (3)
(D) ઉપરોક્ત તમામ

(74) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) કર્મચારીને સોંપેલ કામગીરી નિયત સમયમાં પૂર્ણ ન કરે તો તેનો સમાવેશ ફરજ પ્રત્યેની નિષ્ઠાના અભાવમાં થતો નથી.
(B) સરકારી કર્મચારીએ ફરજ પ્રત્યે નિષ્ઠા કેળવવી
(C) સરકારી કર્મચારીને શોભે નહીં તેવું વર્તન કરવું નહીં
(D) સરકારી ફરજો બજાવતી વખતે અવિવેક વર્તવો નહીં

(75) રજાના રોકડ રૂપાંતરમાં કઈ કઈ રકમનો સમાવેશ થાય છે ?

(A) મૂળ પગાર
(B) મૂળ પગાર અને ઘરભાડા ભથ્થું
(C) મૂળ પગાર અને મોંઘવારી ભથ્થું
(D) મૂળ પગાર અને ઘરભાડા ભથ્થું અને મોંઘવારી ભથ્થું

(76) નીચેનામાંથી કયા સંજોગોમાં દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી ?

(A) પ્રાસંગિક રજા દરમિયાન
(B) જાહેર રજાનું
(C) રવિવારના દિવસનું
(D) ઉપરોક્ત તમામ

(77) નીચેના પૈકી હડતાલમાં શેનો સમાવેશ થાય છે ?

(A) સરકારી કામ બંધ કરવાનો અથવા ઢીલાશમાં પડે તેવું વર્તન કરવાનો
(B) એસોસિયેશનની સામાન્ય સભામાં ભાગ લેવો
(C) કાળી પટ્ટી ધારણ કરી કામ કરવું
(D) કામના સ્થળે યોજાયેલી મીટીંગમાં ભાગ લેવો

(78) કોઈ પણ રાજકીય પક્ષ છે કે કેમ અથવા કોઈ સંગઠન રાજકારણમાં ભાગ લે છે કે કેમ અથવા કોઈ ચળવળ કે પ્રવૃત્તિ આ નિયમની ક્ષેત્ર મર્યાદામાં આવે છે કે કેમ તેને લગતો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેનો નિર્ણય આખરી કોનો ગણાશે ?

(A) કચેરીના વડા
(B) ખાતાના વડા
(C) વિભાગના વડા
(D) સરકાર

(79) જેમની સેવાની શરતો સંવિધાનની કઈ કલમ હેઠળ કરેલા નિયમો અનુસાર નિયમિત થાય છે તેવા ગુજરાત રાજ્યના કામકાજને લગતી રાજ્ય સેવાઓ અને જગ્યાઓ પર નીમાયેલી બધી વ્યક્તિઓને 'ગુજરાત રાજ્ય સેવા' શિસ્ત અને અપીલ નિયમો - 1971 લાગુ પડે છે ?

(A) કલમ - 308 (B) કલમ - 309

(C) કલમ - 310 (D) કલમ - 311

(80) વર્ગ-2 ની જે સેવામાંથી કોઈ પણ વ્યક્તિને બઢતી આપવાની હોય તે સેવામાં તેને કેટલા વર્ષનો અનુભવ હોય તે સિવાય, વર્ગ-2 સેવામાંથી વર્ગ-1 સેવામાં બઢતી આપી શકાશે નહિ ? તે મુજબની જોગવાઈ ગુજરાત રાજ્ય મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો - 1967 માં દર્શાવેલ છે ?

(A) 5 વર્ષ (B) 6 વર્ષ

(C) 7 વર્ષ (D) 8 વર્ષ

(81) સરકારી કર્મચારી તેના પેન્શનના કેટલા ટકા જેટલી રકમથી વધુ નહિ તેટલી રકમના હિસ્સાનું ઉચક રોકડ રકમમાં રૂપાંતર કરાવવા માટે હકદાર થશે ?

(A) 25 % (B) 30 %

(C) 35 % (D) 40 %

(82) દરેક કચેરીના વડા અધિકારીએ દર વર્ષે કયા માસમાં કચેરીમાંની સેવાપોથીઓ તથા સેવા પત્રકનીચકાસણી હાથ ધરવી જોઈએ ?

(A) જુલાઈ (B) સપ્ટેમ્બર

(C) જાન્યુઆરી (D) ડિસેમ્બર

(83) ગુજરાત જાહેર સેવા આયોગ, કેન્દ્રીય ભરતી યોજના કે સરકાર માન્ય બીજી કોઈ પદ્ધતિ દ્વારા સરકારી કર્મચારીની તેજ અથવા બીજી કોઈ કચેરીમાં સેવા સંવર્ગ કે જગ્યા ઉપર નિમણૂક માટે પસંદગી કરવામાં આવે તેમજ તે પૂર્વેની તથા તે પછીની નોકરી સળંગ હોય અને પસંદગી પહેલાંની જગાના પગાર ધોરણની સરખામણીમાં તેની જે જગા ઉપર નિમણૂક થઈ હોય તે જગાનું પગાર ધોરણ ઉચ્ચું હોય અથવા સરખું હોય તેવા સરકારી કર્મચારીનો પગાર ગુજરાત મુલ્કી સેવાના (પગાર) નિયમો-2002 ના કયા નિયમ હેઠળ નક્કી કરવામાં આવશે ?

(A) નિયમ - 13 (B) નિયમ - 14

(C) નિયમ - 15 (D) નિયમ - 16

(84) વાહન ભથ્થું મેળવતા સરકારી કર્મચારી તેના સમાન્ય ફરજના સ્થળેથી કેટલા કિ.મી.ની ત્રિજ્યાની બહારની મુસાફરી માટે માઈલેજ ભથ્થાંના હકદાર થશે ?

(A) 8 કિ.મી. (B) 10 કિ.મી.

(C) 12 કિ.મી. (D) 15 કિ.મી.

(85) જે તારીખે સરકારી કર્મચારીનો મુસાફરી ભથ્થાંનો દાવો પડે તે તારીખથી કેટલા સમયગાળામાં તે રજૂ કરવામાં ન આવે તો દૈનિક ભથ્થાં અને બદલી ભથ્થાં સહિતનો તે દાવો લુપ્ત થશે અથવા ત્યજી દીધો છે એમ ગણાશે ?

(A) 1 માસ (B) 3 માસ

(C) 1 વર્ષ (D) 6 માસ

(86) મુખ્ય મથકેથી છ કલાકથી વધુ પણ બાર કલાકથી વધુ થતી ન હોય તેવી ગેરહાજરી માટે કેટલા ટકા દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે ?

(A) 30 % (B) 50 % (C) 75 % (D) 100 %

(87) સરકારી રહેણાકના આવાસોમાં "ઈ-1" કક્ષાના આવાસોમાં ક્ષેત્રફળ વપરાશ વિસ્તાર (ફ્લોર એરિયા) કેટલા ચોરસમીટર હોય છે ?

(A) 65 થી 79 ચો.મી.
(B) 60 થી 120 ચો.મી.
(C) 121 થી 150 ચો.મી.
(D) 151 અને તેથી ઉપર ચો.મી.

(88) ફરજમોકૂફી હેઠળના સરકારી કર્મચારીને કેવા પ્રકારની રજા મંજૂર કરી શકાય છે ?

(A) કોઈ પણ રજા મંજૂર કરી શકાશે
(B) કેજ્યુઅલ લીવ (પરચૂરણ રજા)
(C) રૂપાંતરિત રજા
(D) હક્ક રજા (પ્રાપ્ત રજા)

(89) ફરજમોકૂફી પરના કર્મચારીને શરૂઆતના છ માસ સુધી કેટલી રકમનું નિર્વાહ ભથ્થું અને મોંઘવારી ભથ્થું મળવાપાત્ર છે ?

(A) પૂરો પગાર અને તેના પર મળવાપાત્ર મોંઘવારી ભથ્થું
(B) પૂરો પગાર અને અડધા પગાર પર મળવાપાત્ર મોંઘવારી ભથ્થું
(C) અડધા પગારની રજા પર હોય અને જે પગાર મળે તે અને તેના પર મળવાપાત્ર મોંઘવારી ભથ્થું
(D) કંઈ જ રકમ મળે નહિ

(90) નોકરીમાં પુનઃ સ્થાપનના સમયે ફરજમોકૂફીની મુદતનું રજામાં પરિવર્તન સક્ષમ સત્તાધિકારી કઈ રીતે કરી શકે છે ?

(A) ફરજમોકૂફીના 1/3 ભાગને રજામાં પરિવર્તન કરી શકે છે.
(B) ફરજમોકૂફીના 2/3 ભાગને રજામાં પરિવર્તન કરી શકે છે.
(C) ફરજમોકૂફીની પૂરેપૂરી મુદતને નિયમો હેઠળ મળવાપાત્ર રજાઓમાં પરિવર્તન કરી શકે છે.
(D) ફરજમોકૂફીની મુદતને રજામાં પરિવર્તન કરી શકે નહિ

(91) જેમને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો - 2002 લાગુ પડતા હોય તેવા કર્મચારીઓ મધ્યસ્થ સરકારમાં કે ભારતમાં રાજ્યેતર સેવામાં હંગામી બદલી પર હોય ત્યારે તેવા સરકારી કર્મચારીએ તેની કેટલા દિવસથી વધુ મુદતની રજાની અરજી, તેની મંજૂરી માટે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને પોતાના નિયોજકની મારફતે કરવાની રહેશે ?

(A) 120 દિવસથી વધુ
(B) 60 દિવસથી વધુ
(C) 90 દિવસથી વધુ
(D) 150 દિવસથી વધુ

(92) રજા માટે કે રજાની મુદત લંબાવી આપવા માટે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીને કયા નમૂનામાં અરજી કરવી જોઈએ ?

(A) નમૂનો - 1
(B) નમૂનો - 2
(C) નમૂનો - 3
(D) નમૂનો - 4

(93) ટૂંકા સમયાંતરે વારંવાર તબીબી પ્રમાણપત્રના આધારે સરકારી કર્મચારી રજા માટે અરજી કરે ત્યારે તેને સંપૂર્ણ સાજા થવા માટે આવશ્યક એવી રજાના સંદર્ભે તેની ગેરહાજરીની મુદતની વિચારણા કરવા માટે ક્યા ધ્યાન દોરવું જોઈશે ?

(A) ખાતાના વડા
(B) તબીબી મંડળ અથવા સરકારી તબીબી અધિકારી
(C) વહીવટી વિભાગના વડા
(D) સરકાર

(94) સરકારી કર્મચારીની માંદગી સબબ રજા મંજૂર કરવા માટે તબીબી પ્રમાણપત્ર કોણે આપેલું હોય તો તે પ્રમામત્ર અયોગ્ય ગણીને રજા મંજૂર કરવામાં આવશે નહિ ?

(A) સિવિલ સર્જન

(B) આર.એમ.પી.

(C) ગુજરાત રાજ્ય સેવા (તબીબ સારવાર) નિયમો - 1988 ના નિયમ - 2 ના પેટા નિયમ - (3) માં વ્યાખ્યાયિત કરેલ અધિકૃત તબીબી ચિકિત્સક

(D) ફાર્માસીસ્ટ

(95) સરકારી કર્મચારી ફરજ બજાવવા ફરીથી ક્યારેય યોગ્ય થશે જ નહિ તેવું તબીબી મંડળ ચોક્કસપણે કહી શકે તેમ ન હોય ત્યારે એકંદરે કેટલા માસથી વધુ નહિ તેટલી રજા મંજૂર કરી શકાશે ?

(A) 12 માસ
(B) 10 માસ
(C) 8 માસ
(D) 6 માસ

(96) અર્ધવાર્ષિકગાળા દરમિયાન જેમની નિમણૂક કરવામાં આવી હોય તેવા સરકારી કર્મચારીના કિસ્સામાં નોકરીના પૂરા થયેલ પ્રત્યેક અંગ્રેજી મહિનાના કેટલા દિવસોના દરે રજાના હિસાબમાં પ્રાપ્ત રજા જમા કરવામાં આવશે ?

(A) $1\,^1/_2$
(B) $2\,^1/_2$
(C) $3\,^1/_2$
(D) 3

(97) રજાપ્રવાસ રાહત ભોગવતા સરકારી કર્મચારીને કેટલા દિવસની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવાની પરવાનગી આપી શકાશે ?

(A) 5 દિવસ
(B) 10 દિવસ
(C) 15 દિવસ
(D) 20 દિવસ

(98) એક નિમણૂક વેકેશન ખાતામાં અને બીજી નિમણૂક તે સિવાયના (વેકેશન સિવાયના) ખાતામાં એમ બે નિમણૂકો ધારણ કરતા સરકારી કર્મચારી કયા ખાતામાં નોકરી કરતા ગણાશે ?

(A) વેકેશન ખાતાનો
(B) બંને ખાતાનો
(C) વેકેશન ખાતાના સિવાયના ખાતાનો
(D) બંનેમાંથી એક પણ નહિ

(99) પ્રત્યેક અર્ધવર્ષની નોકરી માટે સરકારી કર્મચારીને કેટલા દિવસની અર્ધપગારની રજા મળવાપાત્ર થશે ?

(A) 10
(B) 15
(C) 20
(D) 30

(100) રજા મંજૂર કરનાર સત્તાધિકારી પ્રમાણિત કરે કે કોઈ પૂર્ણતઃ સમયના કે અંશતઃ સમયના માન્ય અભ્યાસક્રમ માટે વાપરેલ રજા જાહેર હિતમાં છે, તો કર્મચારીની સમગ્ર નોકરીના સમયગાળા દરમિયાન તેને કેટલા દિવસ સુધીની રૂપાંતરિત રજા, તબીબી પ્રમાણપત્ર રજૂ કર્યા વિના મંજૂર કરી શકાશે ?

(A) 30
(B) 45
(C) 60
(D) 90

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL PAPER-1

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.